કારગિલ વૉર-4

# ટાઈગર હિલ ટોપઃ કારગિલ વૉરનો સૌથી અઘરો છતાં અવિસ્મરણીય વિજય



તા રીખઃ 3 જુલાઈ, 1999.
**સમયઃ** સાંજે 5 વાગીને 15 મિનિટ.
**સ્થળઃ** દ્રાસ સેક્ટરની ટાઇગર હિલ ટોપ તેમ જ તેની આસપાસનો નિકટતમ વિસ્તાર. 16,700 ફૂટની ઊંચાઈની ટાઇગર હિલની મેન ટોપ પર જમણી તરફથી ઉપર ચડતા નાગા રેજિમેન્ટની 2જી બટાલિયનના 200 જવાનો તેમ જ ડાબી તરફથી ઉપર ચડતા શીખ રેજિમેન્ટની 8મી બટાલિયનના 200 જવાનો તેમ જ રિયર સાઇડથી ઉપર તરફ એટેક લઈ જતા 18 ગ્રેનેડિયર્સ તેમ જ તેમની જ ઘાતક પ્લેટૂન(Platoon)ના જવાનોને કવર ફાયર આપવા સાથે ટોચ પરના દુશ્મન ઠેકાણાં પર જોરદાર હલ્લો લઈ જતી આર્ટીલરી રેજિમેન્ટની 22 બેટરીઝ(કુલ 132 ગન્સ) તેમ જ અસંખ્ય રોકેટ લોન્ચર્સનો રસાલો આગળ વધી રહ્યો હતો. ઉપરોક્ત ત્રણેય રેજિમેન્ટને કપરાં ચઢાણ પાર કરતાં 12 કલાકનો સમય લાગ્યો હતો અને એ દરમ્યાન આર્ટિલરી બેટરીઝનું કવર ફાયરિંગ સતત 13 કલાક સુધી ચાલુ રહ્યું હતું. આ રીતે 4 જુલાઈ, 1999નો દિવસ શરૂ થયો ત્યારે લગભગ 1,000 ફૂટનું સીધું ચઢાણ બાકી રહ્યું હતું. સરપ્રાઇઝ એલિમેન્ટ અકબંધ રાખીને 18 ગ્રેનેડિયર્સની ઘાતક પ્લેટૂન(Platoon) તેમ જ અન્ય કુલ 400 જવાનો કંપની A અને કંપની Cમાં સમાન રીતે વહેંચાઈને મહદંશે અનપેક્ષિત સ્થાનોથી ફિક્સ્ડ રોપની મદદથી આશરે 1,000 ફૂટનું સીધું ચઢાણ કરી રહ્યા હતા. આ રીતે ઉપર પહોંચતાં તેમને લગભગ બીજા 12 કલાકનો સમય લાગ્યો હતો. આમ કરતાં 5 જુલાઈ, 1999નો દિવસ આવી ગયો હતો. આ દિવસે ટોચ પરના દુશ્મન સૈનિકોનું ધ્યાન પડે તે પહેલાં આપણા બધા જ જવાનો ટાઇગર હિલની ટોચની લગોલગ પહોંચી ગયા હતા પણ તેઓ વધુ ઉપર પહોંચીને દુશ્મનોની સામે થાય એ પહેલાં ઉપરથી દુશ્મનોનું ધ્યાન તેમના પર પડી ગયું અને દુશ્મનો તરફથી અંધાધૂંધ ફાયરિંગ શરૂ થઈ ગયું. આ પરિસ્થિતિમાં આપણો આખો પ્લાન નિષ્ફળ જઈ શકે તેનો અંદાજ આપણા જવાનોને આવી ગયો અને 8 શીખ રેજિમેન્ટના મેજર રવીન્દરસિંહે તત્કાળ ધોરણે એક જુદો જ હિંમતભર્યો પ્લાન ઘડી કાઢ્યો. પોતાના જૂથના 200 જવાનો સાથે ટાઇગર હિલ ટોપની પશ્ચિમે આવેલી અન્ય એક પહાડી પરથી તેમણે દુશ્મન પર આક્રમણ કર્યું. આ પશ્ચિમી પહાડી પર દુશ્મનની સપ્લાય લાઇન અને રિઇન્ફોર્સમેન્ટ સેન્ટર પણ હતું. આથી ટાઇગર હિલ પર આપણો હુમલો ખાળી રહેલા દુશ્મનની તાકાત બે હિસ્સામાં વિભાજિત થઈ ગઈ. આ સમગ્ર ઘટનાક્રમ 5 જુલાઈ, 1999ની રાત્રે બન્યો. ટાઇગર હિલ ટોપનું વ્યૂહાત્મક મહત્ત્વ બંને પક્ષો જાણતા હતા આથી આ પછીના બે દિવસ એટલે કે 6 અને 7 જુલાઈ, 1999 દરમ્યાન સતત કાઉન્ટર એટેક અને એટેકનો સિલસિલો ચાલતો રહ્યો. છેવટે 8 જુલાઈ, 1999ના રોજ સવારે આપણે ટાઇગર હિલ ટોપ પર પુનઃ કબજો કરીને નિર્ણાયક વિજય મેળવ્યો હતો.

**ટાઇગર હિલની ભૌગોલિક રચના ત્રિકોણ આકારની છે. આથી તેની ટોચે ટાંપીને બેઠેલા દુશ્મન પર સીધો હુમલો કરી શકાય તેમ નહોતો. આ દરમ્યાન 41મી ફીલ્ડ રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસરે ભીષણ આર્ટિલરી ફાયરિંગનો વિસ્તૃત પ્લાન ઘડી નાખ્યો. યુદ્ધમોરચાની તત્કાલીન પરિસ્થિતિ મુજબ આ શ્રેષ્ઠ પ્લાન હતો**

આમ, ખરાખરીનો આ જંગ છેવટે જીતાઈ તો ગયો પણ લશ્કરી દૃષ્ટિએ આ જંગ ઘણી રીતે વિશિષ્ટ હતો. તેનું આયોજન પણ સમજવા જેવું છે. આ આયોજન ટૂંકમાં પણ આરંભથી સમજીએ.

## ગ્રેનેડિયર્સ, શીખ અને નાગા રેજિમેન્ટનો ટૂંકો પરિચય




ગ્રેનેડિયર્સની સ્થાપના બ્રિટિશકાળમાં 1778માં થઈ હતી. બ્રિટિશકાળમાં બંને વિશ્વયુદ્ધો અને આઝાદી પછી ભારતે લડેલા બધાં યુદ્ધોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર આ રેજિમેન્ટમાં હાલ કુલ 25 બટાલિયન્સ છે. આ રેજિમેન્ટનો મુદ્રાલેખ છે, સર્વદા શક્તિશાલી. યુદ્ધઘોષ છે જય બજરંગબલી કી. શીખ રેજિમેન્ટનો ઇતિહાસ જોઈએ તો તે ઇન્ડિયન બ્રિટિશ લશ્કરનો ચાવીરૂપ હિસ્સો હતી. તે વર્તમાન સ્વરૂપે 1946થી અસ્તિત્વમાં આવી. હાલ આ રેજિમેન્ટમાં 22 બટાલિયન્સ છે. આ રેજિમેન્ટ ભારતીય લશ્કરની મોસ્ટ ડેકોરેટેડ રેજિમેન્ટ્સ પૈકીની એક છે. તેનો મુદ્રાલેખ છે નિશ્ચય કર, અપની જીત કર. યુદ્ધઘોષ છે, જો બોલે સો નિહાલ, સત્ શ્રી અકાલ. આ બંને રેજિમેન્ટના પ્રમાણમાં નાગા રેજિમેન્ટ નવી રેજિમેન્ટ છે તેની સ્થાપના 1970માં થઈ હતી. હાલ તેમાં કુલ 3 બટાલિયન્સ છે. આ રેજિમેન્ટનો યુદ્ધઘોષ છે જય દુર્ગા નાગા. આ રેજિમેન્ટને અત્યાર સુધી કુલ 19 યુદ્ધ સન્માન મળી ચૂક્યાં છે.

### ઘાતક પ્લેટૂન (Platoon)

ટાઇગર હિલ ટોપની જીતમાં ઘાતક પ્લેટૂન(Platoon)ની ભૂમિકા નોંધપાત્ર રહી. અમેરિકાના મરિન કોર્પ્સની ખાસ કમાન્ડો ટુકડીની તરજ પર બનેલી આ ટુકડી ભારતીય લશ્કરની કમાન્ડો ટુકડી છે. જેમાં એક લેફ્ટનન્ટ કે કેપ્ટન લેવલના ઓફિસરની આગેવાની હેઠળ યુદ્ધની વિશિષ્ટ આવડત અને તાલીમ પામેલા કુલ 20 જવાનો હોય છે. આ જૂથમાં ખાસ પસંદ કરાયેલા ઓફિસર્સને આકરી ટ્રેનિંગ અપાય છે અને તેઓ મિશન ઇમ્પોસિબલ જેવું કોઈ પણ અશક્ય ટાસ્ક પાર પાડવા માટે સક્ષમ હોય છે.

આ જંગ 3થી 8 જુલાઈ, 1999 દરમ્યાન ચાલ્યો પણ તેમાં 3થી 5 જુલાઈનો અઢીથી ત્રણ દિવસનો સમયગાળો સૌથી મહત્ત્વનો હતો. જૂન, 1999ના છેલ્લા સપ્તાહમાં આ નિર્ણાયક જંગનું પ્લાનિંગ શરૂ થયું ત્યારે 192મી માઉન્ટેન બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર એમ.પી.એસ. બાજવાએ આ જંગ જીતવાની જવાબદારી 18 ગ્રેનેડિયર્સ અને 8 શીખને સોંપી. તે વખતે 18 ગ્રેનેડિયર્સ તોલોલિંગ ટોપની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી ચૂકી હતી જ્યારે 8 શીખ આ અગાઉ મે, 1999ના અંતભાગમાં ટાઇગર હિલ જીતવાનો એક નિષ્ફળ પ્રયાસ કરી ચૂકી હતી. 2 નાગા રેજિમેન્ટ તેમ જ હાઈ અલ્ટિટ્યુડ વૉરફેર સ્કૂલની એક ક્રેક ટીમ આ જવાનોને એન્જિનિયરિંગ ઇક્વિપમેન્ટ સહિતની શક્ય એટલી તમામ યુદ્ધલક્ષી સહાય પૂરી પાડવાની હતી. આ પછી 18 ગ્રેનેડિયર્સે ટાઇગર હિલ પર હલ્લો લઈ જઈ શકાય એવા માર્ગોની તપાસ કરી લીધી. આનું કારણ એ છે કે ટાઇગર હિલની ભૌગોલિક રચના ત્રિકોણ આકારની છે. આથી તેની ટોચે ટાંપીને બેઠેલા દુશ્મન પર સીધો હુમલો કરી શકાય તેમ નહોતો. આ દરમ્યાન 41મી ફીલ્ડ રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસરે ભીષણ આર્ટિલરી ફાયરિંગનો વિસ્તૃત પ્લાન ઘડી નાખ્યો. યુદ્ધમોરચાની તત્કાલીન પરિસ્થિતિ મુજબ આ શ્રેષ્ઠ પ્લાન હતો. આ જ મુજબ આક્રમણના દિવસે સવારથી 132 બોફોર્સ ફીલ્ડ અને મીડિયમ ગન્સ તેમજ 122mmના મલ્ટિબેરલ્ડ ગ્રેડ રોકેટ લોન્ચર્સ એકસામટાં ગરજી ઊઠ્યાં. એ પછી સાંજે ટાઇગર હિલ ટોપ પર ત્રિપાંખિયા હુમલો શરૂ થયો. એ પછી જે બન્યું તે આપણે શરૂઆતમાં જોયું. આ જંગ લશ્કરી દૃષ્ટિએ


**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

એ રીતે પણ વિશિષ્ટ હતો કે તેમાં એકસાથે 3 રેજિમેન્ટ્સ તેમ જ ઘાતક પ્લેટૂનની કમાન્ડો ટીમ અને આટલા મોટા પ્રમણમાં આર્ટિલરી ફાયર પાવરનો ઉપયોગ થયો હતો. એ ઉપરાંત આ જીત પછી તેમાં પાકિસ્તાન તરફથી શહીદ થયેલા તેમના લશ્કરની 12મી નોધર્ન લાઇટ ઇન્ફન્ટ્રીના કેપ્ટન કરનાલ શેર ખાનની બહાદુરીથી ભારતીય લશ્કરના બ્રિગેડિયર બાજવા એટલા પ્રભાવિત થયા કે તેમણે તે કેપ્ટનનું બોડી પાકિસ્તાની લશ્કરને સુપરત કરતાં તેના યુનિફોર્મ સાથે તેની બહાદુરી વર્ણવતી નોંધની ચિઠ્ઠી મૂકી હતી. કેપ્ટન કરનાલ શેરખાનને પાકિસ્તાનનું સર્વોચ્ચ લશ્કરી સન્માન 'નિશાન એ હૈદર' મળ્યું હતું. આ પાકિસ્તાની કેપ્ટનની પોસ્ટ પર આપણા જવાનોએ આઠ વખત હુમલો કર્યો હતો ત્યારે ટાઇગર હિલ જીતી શકાઈ હતી. આ સમગ્ર ઓપરેશનનું TV પર લાઇવ ટેલિકાસ્ટ થયું હોય એવોય આ પ્રથમ કિસ્સો હતો.

આ જીતમાં ઘાતક પ્લેટૂન(Platoon)ના ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવની ભૂમિકા પણ નોંધનીય રહી. 3 જુલાઈ, 1999ની મધરાતે તેમણે સામી છાતીએ દુશ્મનને ખદેડતાં તેમને 17 ગોળીઓ વાગી હતી. આ વીરતા માટે યોગેન્દ્રસિંહ યાદવને પરમવીર ચક્ર એનાયત થયું હતું. તેઓ આજે પણ આપણી વચ્ચે છે.







# શ્રધ્ધાએ શર્વરી અને તાપસીને ચર્ચામાં આવવા દીધી નહીં!

અ ક્ષયકુમારની 'ખેલ ખેલ મેં'ને બોક્સ ઓફિસ પર સારો આવકાર મળ્યો નથી ત્યારે એને એક રાહત થઈ છે કે 'વેલકમ ટુ ધ જંગલ' બંધ થઈ નથી. ફિલ્મનું નિર્માણ પ્રગતિમાં છે એની જાહેરાત નિર્દેશક અહમદ ખાને કરી છે. અક્ષયકુમારની ઘણી ફ્રેન્ચાઈઝી નવા હીરો તફડાવી ગયા છે ત્યારે 'વેલકમ' આશ્વાસન સમાન છે. શ્રધ્ધાની 'સ્ત્રી 2'ની લોકપ્રિયતાના તોફાનમાં અક્ષયકુમારની 'ખેલ ખેલ મેં' 10મા દિવસે માત્ર રૂ.1.35 કરોડ કમાઈ શકી છે. જ્યારે જૉન અબ્રાહમની 'વેદા'એ રૂ.0.55 કરોડ મેળવ્યા છે. 'સ્ત્રી 2'એ બીજા શનિવારે રૂ.33 કરોડ મેળવ્યા હતા. નવાઈની વાત એ છે કે એના નિર્માતા કે વિતરકોને એ વાતનો ખ્યાલ ના આવ્યો કે 'સ્ત્રી 2'માં કોઈ મોટા સ્ટાર્સ નથી પણ એ ફ્રેન્ચાઈઝી હોવાથી એની હાઈપ ઘણી વધારે હતી. જૉન અને અક્ષયકુમાર 'દેસી બોયઝ'માં સાથે આવ્યા ત્યારે દર્શકોએ પસંદ કર્યા હતા પણ એમની ફિલ્મોની ટક્કરથી બોક્સ ઓફિસ પર નુકસાન જ થયું છે. 'ખેલ ખેલ મેં' અને 'વેદા'સારી છે કે ખરાબ એ પછીની વાત હતી. બંનેએ 'સ્ત્રી 2' સાથે આવીને પહેલી મોટી ભૂલ કરી દીધી હતી. તેથી 'સ્ત્રી 2'માં અક્ષયકુમાર હોવા છતાં કોઈ ચર્ચા ના થઈ અને એને કોઈ લાભ થયો નહીં. અક્ષયકુમારની કારકિર્દી ડામાડોળ છે. એની 'સ્કાય ફોર્સ'નું ટ્રેલર 15 ઓગસ્ટે રજૂ ના કરાયું અને ફિલ્મ હવે આવતા વર્ષે રજૂ કરવાનો નિર્ણય લેવાયો એ વળી અલગ નુકસાન હતું. જૉન તો 'વેદા'નો નિર્માતા હતો છતાં ચેતી ના ગયો. એ પછીના સપ્તાહે 23 મી ઓગસ્ટે કોઈ મોટી ફિલ્મ ન હતી. 15 ઓગસ્ટની રજાઓનો લાભ લેવા ફિલ્મો રજૂ કરી દીધી પણ સામાન્ય દિવસો જેટલી કુલ કમાણી કરી શકી નહીં. એનું કારણ એ હતું કે બંનેની ફિલ્મોની સારી વાતનો પ્રચાર જ ના થયો. બંનેની વધારે નોંધ લેવામાં આવી નહીં અને શૉ ઓછા મળ્યા. નિર્દેશક નિખિલ અડવાણીએ 'વેદા'ની શરૂઆત જોરદાર રીતે કરી છે પણ ક્લાઈમેક્સ દમદાર બની શક્યો નથી. એક સંવેદનશીલ મુદ્દા પર દર્શકોને વાર્તા સાથે જોડી શક્યા નથી કેમ કે વાર્તાનો વિષય બહુ જૂનો છે. અઢી કલાકની ફિલ્મ બે કલાકમાં બતાવી શકાય એવી હતી. 'વેદા'માં ઘણાં દ્રશ્યો માત્ર જૉનના ચાહકોને ખુશ કરવા રાખ્યા હતા. એક જગ્યાએ જૉન પાર્ટીમાં જઈને અભિષેક અને એના દોસ્તોની પીટાઈ કરીને આવે છે. એ વાતને વાર્તા સાથે કોઈ લેવાદેવા હોતી નથી. જૉનના બાઈસેપ્સ બતાવવા જ આ દ્રશ્ય આપ્યું હતું. કોર્ટમાં એક્શન દ્રશ્યો વખતે એક પણ પોલીસ ના હોય એ માનવામાં આવે એવું નથી. સિનેમામાં સ્વતંત્રતા લેવાની આ હદ થઈ હોવાનું કહેવાયું છે. એ રીતે જૉન પોતાનું રૂપ બદલ્યા વગર મંદિરમાંથી કેવી રીતે ભાગી શકે? એમ સવાલ થશે. જૉન માટે કશું નવું કરવાનું ન હતું. નિર્દેશકોએ એના ઉપયોગની એક પેટર્ન સેટ કરી રાખી છે. એ મુજબ જૉનના બે-ચાર દમદાર સંવાદ, એક્શન દ્રશ્યો અને બોડી બિલ્ડીંગ બતાવવાનું ધ્યેય હોય છે. 'વેદા'માં જૉને આંખોથી અભિનયનો સારો પ્રયત્ન કર્યો છે. શર્વરીને બહુ ઉત્સાહથી બોક્સિંગ શીખતી બતાવી છે. જેની કોઈ જરૂર હોતી નથી. છેલ્લે માત્ર પાંચ મુક્કા મારતી બતાવી છે. ફિલ્મ ભલે નિષ્ફળ રહી છે પણ મુખ્ય ભૂમિકા ભજવતી શર્વરી વાઘને એના અભિનયને કારણે વધુ કામ મળી શકે છે. એ જ રીતે અભિષેક બેનર્જી વિલન તરીકે હવે જૉનથી વધુ ફિલ્મો મેળવી શકે છે. જૉને પોતાનો એક્શનનો કિલ્લો જાળવી રાખ્યો છે ત્યારે અક્ષયકુમાર ફરી ટ્રેડમાર્ક કોમેડીના સહારે છે. એની કોમેડી ટાઈમિંગ જ નહીં લુક પણ પાત્ર સાથે વાર્તાને મજેદાર બનાવે છે. 'ખેલ ખેલ મેં'માં અક્ષયકુમારે ખરેખર સૌથી વધુ કમાલ કર્યો છે. તાપસી પન્નુ પણ છાપ છોડી જાય છે. શરૂઆતમાં તાપસીને ખાસ તક મળી નથી. પછીથી તે પ્રભાવ ઊભો કરે છે. મા બનવાનું દબાણ અનુભવતી પંજાબી છોકરી તરીકે તાપસી ઈમોશનલ કરી જાય છે. 'વેદા'માં શર્વરીએ અને 'ખેલ ખેલ મેં'માં તાપસીએ સારું કામ કર્યું હોવા છતાં એમની ખાસ કોઈ નોંધ લેવાઈ નહીં અને હોરર- કોમેડી યુનિવર્સની 'સ્ત્રી 2'ની હાઈપ એટલી બધી વધારે હતી કે બહુ મોટી ભૂમિકા ન હોવા છતાં શ્રધ્ધા કપૂર ચર્ચામાં રહી અને છવાઈ ગઈ. 'ખેલ ખેલ મેં'ને ખોટા સમય પર રજૂ કરવામાં આવી હતી. નહીંતર એ ભરપૂર મનોરંજન પૂરું પાડતી ફિલ્મ હતી. નિર્દેશક મુદસ્સરે ગંભીર મુદ્દાઓને હળવા અંદાજમાં રજૂ કર્યા હતા. છતાં કેટલીક છૂટ લીધી છે. ફિલ્મમાં બધાં પાત્રોના જીવનના રહસ્ય હોય એ વાત વધારે પડતી લાગે છે. ફિલ્મને વધારે પડતી મોડર્ન બનાવવામાં આવી હોવાથી સામાન્ય દર્શકો એની સાથે એટલા જોડાઈ શકતા નથી પરંતુ મનોરંજન આપતી હોવાથી OTT પર વધુ પસંદ કરવામાં આવશે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

**'વેદા'માં શર્વરીએ અને 'ખેલ ખેલ મેં'માં તાપસીએ સારું કામ કર્યું હોવા છતાં એમની ખાસ કોઈ નોંધ લેવાઈ નહીં અને હોરર- કોમેડી યુનિવર્સની 'સ્ત્રી 2'ની હાઇપ એટલી બધી વધારે હતી કે બહુ મોટી ભૂમિકા ન હોવા છતાં શ્રધ્ધા કપૂર ચર્ચામાં રહી અને છવાઈ ગઈ. 'ખેલ ખેલ મેં'ને ખોટા સમય પર રજૂ કરવામાં આવી હતી. નહીંતર એ ભરપૂર મનોરંજન પૂરું પાડતી ફિલ્મ હતી**

### ઓટોગ્રાફ!


ફિલ્મ 'ધૂમ 4'ની સ્ટારકાસ્ટ વિશે સોશ્યલ મીડિયા પર ભારે અફવાઓ ચાલી રહી છે ત્યારે યુઝર્સને એ વાતનો ખ્યાલ હોવો જોઈએ કે આ 'ધૂમ' ફિલ્મ એટલી મોટી ફ્રેન્ચાઈઝી છે કે એની જાહેરાત ધૂમધડાકા સાથે અધિકૃત રીતે થશે ત્યારે જ લોકો વિશ્વાસ કરશે!

# માણસને ભગવાન કરતાં ભોજનની વધુ જરૂર પડે છે

એ ક ટીવી કાર્યક્રમમાં ભીખુદાન ગઢવીએ કહ્યું હતુંઃ ''તુલસી, આ સંસારમાં માણસે માણસે ફેર.. એકની જીભે મધના દરિયા.. બીજો હળાહળ ઝેર..!'' શ્રી ગઢવી આગળ કહે છેઃ 'સંસારમાં માણસે માણસે મન નોખા હોય છે. કોઈ માણસની છેલ્લી ઘડી ગણાતી હોય અને તે પાણી માગે તો તેને પાણી આપવાનું ય ના ગમે; અને બીજાના પાળિયાને માણસ વર્ષો સુધી આંખના પાણી પાય છે. કોઈ માણસ બાજુમાં બેઠો હોય તે પણ ના પરવડે અને બીજો લાખો માઈલ દૂર હોય તો પણ તેને માટે દિલ ઝૂરે છે. માણસના મનની માયા નગરીના અજબ ખેલ હોય છે. ક્યારેક લાગણીની રેલમછેલ હોય છે. તો ક્યારેક નફરતની જેલ હોય છે. ખલિલ જિબ્રાને ભલે માણસના બે પ્રકાર ગણાવ્યા છે. પણ જેટલા માણસો તેટલા પ્રકાર હોય છે. સૌની હથેળી સરખી દેખાય છે, પણ બધાની હસ્તરેખા જુદી જુદી હોય છે. માણસને કોણ માપી શક્યું છે? માણસ જ મોગરાના ફૂલડા.. અને માણસ જ ગંધાતા ખાળકૂવા..! સ્વામી સચ્ચિદાનંદજી કહે છેઃ 'માણસ જેવું રતન નહીં અને માણસ જેવો પથરો બીજો એકે નહીં..! દુર્ભાગ્યે આપણે ત્યાં પથરાઓની સંખ્યા નિરંતર વધતી રહી છે. અને રત્નોનો રેશિયો તો લાખે એકનો પણ નથી. આનો કોઈ સચોટ ઉપાય ના જડે ત્યાં સુધી પ્રત્યેક માણસે પોતાની પાસે જેટલી સારપ હોય તે જાળવી રાખવી જોઈએ..!'

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

એક ચિંતકે કહ્યું છે : 'માણસ મહાન હોતો નથી.. તેના સદ્કર્મો તેને મહાનતાની કક્ષામાં મૂકે છે. દેશના અનેક શહેરોમાં મહાત્મા ગાંધી માર્ગ છે. દાઉદ ઈબ્રાહિમ માર્ગ ક્યાંય જોવા નહીં મળે. કોઈ યુનિવર્સિટીનું નામ ગોડસે યુનિવર્સિટી હોય એવું તમે સાંભળ્યુ છે..? મૂળ વાત ઉજળા જીવનની છે. સફેદ કફનીએ ઉજળા જીવનની સાબિતી નથી. ઉજળા જીવનને ઈમાનદારી સાથે ઘરવટ સંબંધ હોય છે. ઈમાનદારીની રોટી ચાર માણસ વચ્ચે બેસીને ઈજ્જતથી ખાઈ શકાય છે. ફ્રિઝમાંથી ચોરેલો લાડુ લપાઈ છૂપાઈને ખાવો પડે છે. વ્હાઈટ અને બ્લેકમાં કેવળ કલરનો નહીં, મોરલનો ય ફેર હોય છે. નાનપણમાં અમે ય થોડી બદમાશી કરેલી, અમે લગભગ રોજ એકાદ વધારેનો લાડુ ફ્રિઝમાંથી ચોરીને ખાતા. મજા આવતી. મા અમને જે લાડુ આપતી તેના કરતા એ બ્લેકના લાડુની મજાજ કંઈક ઓર હતી. રામકૃષ્ણ પરમહંસને એક માણસે પૂછ્યુંઃ 'સ્વામીજી, જીવનમાં સર્વ સુખો પ્રાપ્ત થયા છે પણ પેટે દીકરો નથી. મારા કુળનો વંશવેલો શી રીતે આગળ વધશે?' સ્વામીજીએ આશીર્વાદ આપવાની ભૂલ ના કરી પણ આશીર્વાદથીય ચઢિયાતી શીખામણ આપતાં કહેલુંઃ 'ઉપરવાળો આ સમગ્ર સૃષ્ટિનો વંશ વેલો વધારે છે. દીકરો પણ તે જ આપશે. પરંતુ એટલું કરજે, દીકરો મળે ત્યારે તેને એક ઈમાનદાર ઈન્સાન બનાવજે. ખરાબ દીકરાથી વંશવેલા વધતા નથી, વંશ બદનામ થાય છે.



**માણસને શ્રદ્ધા કરતાં સાધનોની વધુ જરૂર પડે છે. ભક્તિ કરતાં ભોજન અનિવાર્ય છે. સંસાર છોડીને સાધુ બની ગયેલા લોકોને પણ જીવન જરૂરિયાતના સાધનો ખરીદવા પૈસાની જરૂર પડે છે. બસ ગાડીમાં મુસાફરી કરવાને બદલે પગપાળા ભ્રમણ કરનારા સાધુઓને ચંપલ કે પાવડી વિના ચાલતું નથી**

કૌરવો સો હતા છતાં ગાંધારી અને ધૃતરાષ્ટ્રના હૈયે સતત બળાપો રહેતો. પાંડવો પાંચ જ હતા છતાં ખુદ કૃષ્ણ તેમની સાથે હતા. સો (દુષ્ટ) પુત્રોની માતા ગાંધારી કરતાં કુંતી વધુ ભાગ્યશાળી હતી. સદ્ નસીબને સજ્જનતાનો સથવારો સાંપડે તો સજ્જનતા ફૂલની જેમ ખીલી ઊઠે છે. સમાજનો અનુભવ છે કે દીકરો માવતરના સુખની પાકી ગેરંટી બની શકતો નથી. પણ દીકરી જરુર બને છે. એથી કહેવાય છે કે "દીકરી વહાલનો દરિયો.. અને દીકરો વહાલનો દડિયો..! દીકરાના જન્મ માત્રથી કુળ તરી જતું નથી. તેને સારા સંસ્કાર આપીને સુપુત્ર બનાવવો પડે છે. તાત્પર્ય એટલું જ કે સારી ક્વોલિટીનું ફ્રિઝ કે ટીવી શોપિંગ સેન્ટરમાંથી મળી રહે છે. પણ સારા સંતાનો શોપીંગ સેન્ટરમાંથી મળતા નથી. દીકરો હોવા માત્રથી આપોઆપ સુખી થઈ જવાતું નથી. તેને સારા સંસ્કાર આપીને સુપુત્ર બનાવવો પડે. બે દીકરા હોય પણ એક દાઉદ ઈબ્રાહિમ જેવો અને બીજો ચંદનચોર વિરપ્પન જેવો નીકળે તો...?? એને બદલે એક જ દીકરો હોય પણ તે લાલબહાદુર શાસ્ત્રી કે વિવેકાનંદ જેવો નીકળે તો સાચું સંતાનસુખ પ્રાપ્ત થઈ શકે.

### ધૂપછાંવ

માણસને શ્રદ્ધા કરતાં સાધનોની વધુ જરૂર પડે છે. ભક્તિ કરતાં ભોજન અનિવાર્ય છે. સંસાર છોડીને સાધુ બની ગયેલા લોકોને પણ જીવન જરૂરિયાતના સાધનો ખરીદવા પૈસાની જરૂર પડે છે. બસ ગાડીમાં મુસાફરી કરવાને બદલે પગપાળા ભ્રમણ કરનારા સાધુઓને ચંપલ કે પાવડી વિના ચાલતું નથી. વિજ્ઞાનનો સખત વિરોધ કરનારા ધર્મગુરૂઓ ધર્મપુસ્તક વાંચતી વેળા આંખે ચશ્મા ચઢાવવામાં કશો ક્ષોભ અનુભવતા નથી. દાંતનું ચાડુ પહેરવામાં એમને વિજ્ઞાન પ્રત્યેનો તિરસ્કાર આડે આવતો નથી. શિરદર્દ ઉપડે ત્યારે તેઓ પ્રભુને પ્રાર્થના કરતા નથી, પેરાસિટામોલ લઈ લે છે.